અપીલ અરજી નં. ૫૫૬ તા.૧૧–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી મધુકર વાઘ
સામાવાળા:– ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર)

ફરીયાદની હકીકત:–

વિષય:– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મધુકર વાઘની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સ્મીમેર/૨૩૩ તા.૧૪–૧૧–૧૧ થી આપેલ માહિતી સંદર્ભે મુદ્દા નં.(૧) થી (૩)ની ડો.ઈન્દિરા ગૌતમ શાહુ આસી. પ્રો.સ્મીમેર મેડીકલ કોલેજની નોકરી બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૬/૨૦૧૧–૧૨

શ્રી મધુકર વાઘની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સ્મીમેર/૨૩૩ તા.૧૪–૧૧–૧૧ થી આપેલ માહિતી સંદર્ભે મુદ્દા નં.(૧) થી (૩)ની ડો.ઈન્દિરા ગૌતમ શાહુ આસી. પ્રો.સ્મીમેર મેડીકલ કોલેજની નોકરી બાબતેની માહિતી આપવા બાબતે ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર)ના પત્ર નં. સ્મીમેર/૨૮૨ તા. ૧૬–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની તા. ૬–૬–૧૧ની અરજીનો પ્રત્યુત્તર આપેલ કે કેમ ? શું આરટીઆઈ સિવાય આ અંગે અલાયદી કોઈ ફરીયાદ–રજુઆત કરેલ કે કેમ ? તથા તે બાબતે થયેલ–ન થયેલ કાર્યવાહી, તપાસ બાબતે પણ સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬૦ તા.૨૧–૧–૧૨ થી** ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર) તથા અરજદારને માંગેલ પૈકી કઈ માહિતી મળેલ નથી તે સ્પષ્ટ કરવા સાથે દસ્તાવેજ ફી ભરી નકલો મેળવેલ કે કેમ ? તે પણ જણાવવા તથા વધુમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીમાં કલમ–૨(એફ)અને ૨(જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે તેમાં કાર્યવાહી હાથ ધરવાનો સમાવેશ થતો નથી તે પણ સૂચિત કરતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૩–૬–૧૧ ની મ્યુ. કમિ.ને કરેલ અરજીની નકલ, તા.૨૮–૧૧–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, ભારતીય પોસ્ટલ ઓર્ડર રૂા.૨૦/– મોકલ્યા અંગેનો પત્ર તથા રૂા.૧૦/– ના પોસ્ટલ નં.૮૮ઈ ૯૯૨૩૬૫ તથા ૮૮ઈ ૯૯૨૩૬૬ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીને સંબોધતી અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/૨૩૩ તા.૧૪–૧૧–૧૧ થી આપેલ માહિતી સંદર્ભે ડો.ઈન્દિરા પ્રાઈવેટ પ્રેકટીસ આનંદ હોસ્પિટલ સુયશ પ્લાઝા, પેરેડાઈઝ હોટલની સામે, બારોઈ રોડ મુંદરા–કચ્છ માં લેખિતમાં પરમીશન અથવા એગ્રીમેન્ટ કરેલ છે.
(૩) તેઓ મારી હોસ્પિટલમાં પ્રાઈવેટ પ્રેકટીસ કરતા હોઈ તો સ્મીમેરમાં કઈ રીતે ફુલ ટાઈમ તા.૧૯–૩–૧૦ થી અનિશ્ચિત સમય માટે પ્રેકટીસ કરતા હોય તેવા મેડીકલ કેસ દસ્તાવેજી પ્રુફ, પ્રાઈવેટ પ્રેકટીસ, એકસ–રે કોપી, પાર્ટીસન સર્જરી વિગેરેનો દુર ઉપયોગ વિગેરે રજૂઆત કરેલ છે . (૨) તેઓ ડીડી હિંદુજા હોસ્પિટલમાં કેટલોક સમય પ્રાઈવેટ પ્રેકટીસ કર્યાનું પ્રુફ તથા તેમણે નોકરી કર્યા અંગેનું ફીટનેશ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ૨૮૨ તા.૧૬–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧ અને ૩ બાબતે પ્રશ્નવાળી વિગતો માહિતી અધિકાર અધિનિયમ હેઠળ આપવાની થતી નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ ડો. ઈન્દિરાનું મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ ડો. તબીબી પ્રમાણપત્રોની નકલ નંગ–૨ તથા પુરાવા ભરવા માટે

રૂા.૪/– ની રસીદ સામેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે મળેલી માહિતીથી નારાજ થઈ અરજદારે તા.૧૧–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મળેલી માહિતીથી નારાજ થઈ ડો. ઈન્દિરાબેન ફુલ ટાઈમ એસએમસીના કર્મચારી છે જેથી મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ જરૂરી છે. જયારે બોમ્બે હિંદુજા હોસ્પિટલના પ્રોટોકલ મુજબ અગાઉના કર્મચારી તરીકેનું વ્યકિતગત ફીટનેશ સર્ટીફીકેટ જરૂરી છે તેવી રજૂઆત કરેલ છે. ત્યાર બાદ તેમણે આપેલ પૂરક વિગતોમાં તા.૫–૩–૧૨ ના રોજ આપેલ માહિતી માંગતી અરજી સાથેના રૂા.૧૦/– ના બે પોસ્ટલ ઓર્ડર સહિતની અરજી પર્સોનલ ઓફિસર સ્મીમેરને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/ આ.નં.૧૯૩૧ તા.૬–૩–૧૨ થી તબદીલ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારે કમિ.ને કરેલ તા.૩–૬–૧૧ ની અરજીમાં તેમની સંપર્ક વગર કંઈ પણ ન કરવાની રજૂઆત કે તકરાર નિવારણ બાબત હેઠળની ગણાય. જે અંગે તકરાર નિવારણ સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૮–૧૨–૧૨ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલમાં કરેલ રજૂઆત તકરાર નિવારણને લગતી તે અંગે અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મધુકર વાઘ,